


## પાંચ લાખની પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

મહેસાણા જિલ્લાના કડી શહેરના છત્રાલ રોડ પર આવેલ એક ગોડાઉનમાંથી પોલીસે દરોડો પાડી પોલીસે પતંગ માટેની પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૨૨ કાર્ટુન ગત રાત્રીએ ઝડપી પાડ્યા છે. મહેસાણાના નાયબ પોલીસ અધિક્ષક મંજીતા વણઝારાના માર્ગદર્શન હેઠળ પોલીસે દરોડો પાડી અંદાજે પાંચ લાખનો જથ્થો કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પવિત્ર યાત્રાધામોની યાદીમાં વડતાલનો સમાવેશ કરાશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્વામિનારાયણ સંપ્રદાય માટે પરમ આસ્થાની ભૂમિ સમાન વડતાલને, રાજ્યના પવિત્ર યાત્રાધામોની યાદીમાં સમાવી લેવાનો સંકેત આપ્યો છે.

અમે ધર્મદંડને રાજદંડથી સર્વોપરી ગણીએ છે. અભિનવ ઉર્જાથી અને સાધુસંતોના આશિષ-માર્ગદર્શનથી રામ રાજ્ય સાકાર કરવાનો અમારો સંકલ્પ છે. અડીખમ ગુજરાતની દુનિયામાં પ્રતિષ્ઠા વધે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભારતને વિશ્વગુરૂ બનાવવાની પરિકલ્પનાને પીઠબળ મળે તે રીતે ગુજરાતને પ્રગતિના પંથે આગળ વધારવાની મહેચ્છા તેમણે વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વડતાલ ખાતે જગતજનની મા જગદંબાના પ્રાગટ્ય દિવસ પવિત્ર પોષી પૂનમે સદગુરૂ ધ્યાની સ્વામી સ્મૃતિ સત્સંગ સભામાં ભાગ લીધો હતો. તેમણે હરિકૃષ્ણ મહારાજ સહિત દેવોના દર્શન કર્યા હતા તથા સંસ્થાના પીઠાધીશ પ.પૂ.રાકેશપ્રસાદજી મહારાજ અને સંતોના આશિર્વાદ મેળવ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ આ અવસરે વડતાલ ટેમ્પલ ટ્રસ્ટના સહયોગથી નિર્માણ થનારા રૂ. બે કરોડના આધુનિક બસમથકનો શિલાન્યાસ પણ કર્યો હતો.

મુખ્યમંત્રીને સંસ્થા દ્વારા વૃતાલય શ્રેષ્ઠ સત્સંગ રત્નના સન્માનથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. આચાર્ય રાકેશપ્રસાદજીએ તેમને ઐતિહાસિક મૂળ શિક્ષાપત્રીની પ્રતિલિપીની પવિત્ર ભેટ આપી હતી. સંસ્થા દ્વારા મુખ્યમંત્રીની અનોખી પ્રસાદી મગસતુલા કરવામાંઆવી હતી. અનેએતમામ પ્રસાદ કન્યાઓનેપોષક આહાર તરીકે વિતરણ કરવાનું આયોજન કરવામાંઆવ્યુંહતું.



# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી : કોંગ્રેસની આજે તો ભાજપની કાલે બેઠક યોજાશે

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં રાજકીય પક્ષોની સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને કવાયત શરૂ થઈ ગઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પ્રભુત્વ વધારવા ૪ જાન્યુઆરીએ ભાજપની બેઠક મળશે તો કોંગ્રેસની ૩ જાન્યુઆરીએ બેઠક મળનારી છે.

જેમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રણનીતિ ઘડાશે. રાજ્યના ૭૫ નગરપાલિકા અને ૧૯ જિલ્લા-તાલુકા પંચાયતમાં ચૂંટણીનો ધમધમાટ થશે.જ્યારે ૧૪૦૦ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે રાજકીય પક્ષ રણનીતિ ઘડશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યના લોકોએ બંને પક્ષને મેન્ડેટ આપ્યો છે જેમાં ભાજપને પાતળી બહુમતિથી વિજય આપ્યો છે જ્યારે કોંગ્રેસની બેઠકો ગત વિધાનસભા ચૂંટણી કરતા વધી ગઈ છે. આમ બંને પક્ષોએ આગામી લોકસભાની ચૂંટણીને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે ફરી એકવાર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે બંને પક્ષો દ્વારા પોતાનું એડીચોટીનું જોર લગાવવામાં આવશે.

# આજે વિધાનસભામાં વિપક્ષના નેતા અંગે ધારાસભ્યોનો અભિપ્રાય લેવાશે

અમદાવાદ,તા.૨

આગામી ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થશે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જીત મેળવવામાં હંફાવનાર કોંગ્રેસ હવે વિધાનસભામાં પણ શાસકોને પ્રજાલક્ષી મુદ્દાઓમાં ભીંસમાં મૂકી શકે તેવા નેતાની શોધ આરંભી છે. આવતી કાલે પ્રદેશ પ્રભારી અશોક ગહેલોત અમદાવાદ આવીને બપોરે ૩-૩૦ વાગ્યે પ્રદેશ કોંગ્રેસ સમિતિ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે ધારાસભ્યો સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજીને તેમાં વિધાનસભામાં વિપક્ષના નેતાનો અભિપ્રાય લેશે.

છેલ્લી અને તેરમી વિધાનસભામાં વિપક્ષના નેતા પદે કોંગ્રેસ હાઈકમાન્ડે શંકરસિંહ વાઘેલાએ પક્ષ છોડતાં મોહનસિંહ રાઠવાની નિમણૂંક કરી હતી. જોકે આગામી ચૌદમી વિધાનસભા માટે વિપક્ષના નેતા માટે પક્ષના આગેવાનોમાં જબ્બર સ્પર્ધા જાગી છે. પરેશ ધાનાણી, કુંવરજી બાવળિયા, પૂંજા વંશ, અમિત ચાવડા, વિક્રમ માડમ, અશ્વિન કોટવાલ અને મોહનસિંહ રાઠવા વગેરે આગેવાનોમાં વિધાનસભામાં વિપક્ષના નેતાનું મોભાદાર સ્થાન મેળવવા માટે હોડ જામી છે.

આવતી કાલે પ્રદેશ પ્રભારી અશોક ગહેલોત, એઆઈસીસીના સેક્રેટરી અને સંસદ સભ્ય જિતેન્દ્ર ભંવર અમદાવાદ આવીને કોંગ્રેસના સઘળા ૮૦ ધારાસભ્યોનો વિધાનસભામાં વિપક્ષના નેતા અંગેનો મૌખિક અભિપ્રાય લેશે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે બપોરે ૩.૩૦ વાગ્યે અશોક ગહેલોત તેમજ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં બેઠકનો પ્રારંભ થશે. આ બેઠક બે કલાક ચાલશે અને બેઠક બાદ ધારાસભ્યોના અભિપ્રાય મેળવીને અશોક ગહેલોત અને ભરતસિંહ સોલંકી દિલ્હી જવા રવાના થશે.

પ્રદેશ પ્રભારી અશોક ગહેલોતના રિપોર્ટના આધારે દિલ્હી હાઈકમાન્ડ ચર્ચા વિચારણા કરીને બે ચાર દિવસમાં વિધાનસભામાં વિપક્ષના નેતાના નામની જાહેરાત કરશે. આવતી કાલે બપોરે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાનારી ધારાસભ્યો સાથેની બેઠકમાં નેતા ઉપરાંત ઉપનેતા, દંડક, ઉપદંડક અને ખજાનચીની પસંદગીની કવાયત હાથ ધરાશે. આ ઉચ્ચ પદો માટેના હોદ્દેદારોના નામની જાહેરાત પણ આગામી બે ચાર દિવસમાં થાય તેવી શક્યતા છે.

# ગાંધીનગરમાં આંજણા (ચૌધરી) સમાજનો ૭મીએ સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા સમાજના સ્નેહ મિલન સમારંભ ૭/૧/૨૦૧૮ રવિવારના રોજ સવારે ૮-૩૦ કલાકે ધ્રુવ પાર્ટી પ્લોટ, ગીફ્ટ સીટી રોડ સાબરમતી નદી પાસે શાહપુર ગાંધીનગર ખાતે યોજાશે. ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ એન. ચૌધરી તથા મહામંત્રી શ્રી ઈશ્વરભાઈ ડી. ચૌધરીએ જણાવ્યુ છે કે પાણી પુરવઠા અને સિંચાઈ રાજય મંત્રીશ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ સ્નેહ મિલન સમારંભમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા વર્ષ-૨૦૧૭ માં વર્ગ-૧ના અધિકારીઓ, ડૉકટર તથા ખાસ એવોર્ડ વિજેતાઓનું સન્માન કરાશે. સમારંભના મુખ્ય મહેમાન પદે પૂર્વ મંત્રીશ્રી બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તથા અતિથિ વિશેષ તરીકે ધાનેરાના ધારાસભ્ય શ્રી નાથાભાઈ પટેલ, દીયોદરના ધારાસભ્ય શ્રી શીવાભાઈ ભુરીયા તથા માણસાના પૂર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.



## કૂતરાંઓ માટે ૩૫ કિલો લાડુ બનાવાયા

પોષ મહિનો અબોલ જીવોને ઠંડી સામે રક્ષણ મળે તે હેતુથી પોષણક્ષમ આહાર પુરો પાડી પુણ્ય કમાવવાનો મહિનો છે. ગાંધીનગરના સેકટર-૨ ૩માં બહુચર મંડળની મહિલાઓએ કૂતરાંઓ માટે કુલ ૩૫ કિલો લાડુ બનાવ્યા હતા.



## ચિલોડા ટીંબાવાળા વાસના મકાનના ધાબા પરના ઘાસમાં આગ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે આવેલ ટીંબાવાળા વાસમાં મકાનના ધાબા પર ગોઠવેલા સુકાઘાસના પુળા અને ડાંગરના પુળિયામાં અચાનક બપોરના ૧ ૨ વાગ્યાના સમય દરમિયાન આગ લાગતા ઘાસ બળી જવા પામ્યું હતું. આ દરમિયાન રહેઠાણના યુવાનોએ પાણી દ્વારા આગ કાબુમાં લેવા અથાક પ્રયાસ હાથ ધરતાં આગ કાબુમાં લઈ ભારે નુકસાન થતું અટકાવ્યું હતું. ટીંબાવાળા વાસમાં રહેતા કાળાજી સેંધાજી ઠાકોરના પાકા ધાબાવાળા મકાનના ઉપર લાકડા ગોઠવી તેના ઉપર પશુઓ માટે પુળા અને ડાંગરના પુળિયા ગોઠવ્યા હતા ત્યારે અચાનક આગ લાગતા આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા. આ રહીશોએ ગામનો ટ્યુબવેલ ચલાવી પાણીના પુરવઠા દ્વારા ડોલો લઈ સતત આગ ઓલવવા કામે લાગી જતાં આગ કાબુમાં આવી હતી. આમ મકાનના ધાબાને નુકસાન ન થાય અને આગ વધુ ન પ્રસરે તેવા પ્રયાસો કરી આગ હોલવવામાં આવી હતી. આ આગ લાગવાનું કોઈ ચોકકસ કારણ જાણવા મળ્યું ન હતું.

# કુશાલપુરા ગામમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાશે

ભિલોડા,તા.૨

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા અને કોટેઝ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે કુશાલપુરા ગામમાં નુતન હાઈસ્કુલ પટ્ટાંગણમાં તા.૭/૧/૨૦૧૮ ને રવીવારના રોજ નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાશે.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ,મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ,સંયોજક ડૉ.ભોજરાજભાઈ સી.ખત્રી, હર્ષદભાઈ સોની, રાજુભાઈ સોની, નરેન્દ્રભાઈ પ્રજાપતી, મુકેશભાઈ પંચાલ, નરેશભાઈ પંચાલ, શૈલેષભાઈ સોની સહિત કારોબારી સભ્યો, સ્ત્રી રોગોના નિષ્ણાંત ડૉ. ડી. ડી. ડામોર (ગાયનેકોલોજીસ્ટ) અધિક્ષક, કોટેઝ હોસ્પિટલ, ભિલોડા, હૃદયરોગ અને ડાયાબીટીસના નિષ્ણાંત ડૉ.ધર્મેશભાઈ અસારી, જનરલ ફેમીલી ફીજીશીયન ડૉ.બી.સી.ખત્રી સહિત વિવિધ રોગોના નિષ્ણાંત તજજ્ઞ ડૉક્ટરોની ટીમ ધ્વારા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાશે ત્યારે કુશાલપુરા પંથકના દર્દીઓએ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો હતો.



## ઉમેદપુર(જી) ગામે શિવજી અને અર્બુદા માતાજી મંદિરનો પાટોત્સવ યોજાયો

મોડાસા તાલુકાના ઉમેદપુર-જીવણપુર ગામે આવેલા શિવજી અને અર્બુદા માતાજીના મંદિરે તૃતીય પાટોત્સવ યોજાયો હતો. જેમાં ૧૦૧ દીવડાની આરતી અને અન્નકૂટનું આયોજન કરવાની સાથે નડિયાદના નરેન્દ્રભાઈ શાસ્ત્રીના આચાર્યપદે હોમાત્મક લઘુરુદ્ર યોજાયો હતો. જેમાં ગામના મુખ્ય યજમાન તરીકે હીરાભાઈ લવજીભાઈ પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર ગામમાં ધાર્મિક પ્રસંગ સાથે સ્વચ્છતા અને આસ્થાનો સમન્વય પર ભાર મુકાયો હતો. ગામના લોકો દ્વારા દરેક ઘરેથી અલગ-અલગ વાનગીઓ એકઠી કરી અન્નકૂટ યોજી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે બોલુન્દ્રા સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારોએ મંત્રોચ્ચાર દ્વારા વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું. ગામલોકો આ પાટોત્સવમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# ૧૪ આઈએએસ અધિકારીઓને બઢતી

ગાંધીનગર,તા.૨

ગુજરાત સરકારે આઈ.એ.અસ. કેડરના અધિકારીઓને બઢતીના હુકમો કર્યા છે. તમામને તે જ જગ્યાએ યથાવત રાખવામાં આવ્યા છે. ૨૦૦૨ની બેચના લોચન સેહરા, સંદીપકુમાર અને જયપ્રકાશ શિવહરેને સચિવ કક્ષાએ બઢતી આપવામાં આવી છે.

જ્યારે ૨૦૦૫ની બેચના રાજકોટ જિલ્લા કલેકટર વિક્રાંત પાંડે સહિત ૧૪ અધિકારીઓને સિલેકશન ગ્રેડ સાથે અધિક સચિવ કક્ષો બઢતી અપાઈ છે. સિલેકશન ગ્રેડ મેળવનાર અધિકારીઓમાં વિક્રાંત પાંડે, હર્ષદ પટેલ, પી. ભારથી, રણજીતકુમાર જે., કે.ડી. કાપડીયા, કે.એમ. ભીમજીયાણી, ડી.જી. પટેલ, એસ.એમ. પટેલ, આર.જી. ત્રિવેદી, એન.એલ. પુજારા, એચ.કે. પટેલ, વી.એ. વાઘેલા વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાત સરકારે ૨૦૦૨ની આઈ.એ.એસ. કેડરના ૩ અધિકારીઓને અધિક સચિવમાંથી સચિવ કક્ષાએ બઢતી આપતા હુકમ કર્યા તેમાં શહેરી વિકાસ કંપનીના એમ.ડી. લોચન સેહરાનો સમાવેશ થાય છે. લોચન સહેરાનો જન્મ તા. ૧ જાન્યુઆરી ૧૯૮૦ના દિવસે થયેલ. ગઈકાલે તેમને જન્મદિને જ બઢતીરૂપે ભેટ મળી છે.

યશસ્વી જીવનના ૩૯માં વર્ષના પ્રથમ દિવસે જ સચિવ બન્યા છે. અત્યારે રાજયમાં સચિવ કક્ષાએ ફરજ બજાવતા ૩૦ જેટલા સનદી અધિકારીઓમાં તેઓ સૌથી નાની વયના સચિવ છે. તેઓ સૌરાષ્ટ્રમાં અગાઉ રાજકોટમાં પ્રાંત અધિકારી અને જૂનાગઢમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવી ચૂકયા છે.

# હાજી મસ્તાનબાબાનો ઉર્ષ શરીફ ઉજવાશે

સુફી સંત હાજી મસ્તાનબાબા રીફાઈનો ૨૩મો ઉર્ષશરીફ કોમી એકતાની ભાવના સાથે હાજી મસ્તાન બાબાની દરગાહ, લુણાવાડા રોડ, મુ. સંતરામપુર, જી. અરવલ્લી મુકામે ઉજવવામાં આવશે. તા. ૫મી જાન્યુઆરીને શુક્રવારના રોજ રાત્રે ૧૨ કલાકે સંદલશરીફ થશે અને તા. ૬ જાન્યુઆરીને શનિવારના રોજ ઉર્ષ મનાવવામાં આવશે અને રાત્રે ૯ કલાકે મહેફીલે-શમા ઉજવવામાં આવશે.

## હેલ્લો ફ્રેન્ડસ્! ● ૪ પાનાનું ચાલુ...

જિંદગીમાં નાના-મોટા કામ અન્ય માણસ કરતાં જ હોય છે. ઘરના રામલાથી લઈ કારના ડ્રાઈવર, ઑફિસના પ્યુનથી લઈને સિક્યુરિટી અને પત્નીથી લઈ પરિવારના સભ્યો... કયાંક ને કયાંક આ લોકોનો ન દેખાય છતાં આપણા માટે નગણ્ય એવો ફાળો હોય જ છે !

આપણી જિંદગીમાં આર્થિક, શારીરિક, માનસિક, ધાર્મિક, લાગણીની અનેક પેરેશુટ કોઈકને કોઈક પૅક કરતું જ હોય છે ને ? આમની મદદની કારણે જ આપણે સેફલી આપણાં કાર્યો કરતા હોઈએ છીએ... આપણે પરિણામ જોઈ પોરસાઈએ છીએ પણ સાથે કે આપણા માટે કામ કરતા આ લોકોને મહત્ત્વ આપવાનું ભૂલી જઈએ છીએ. આ તો એમની જવાબદારી કે ફરજ છે એમ માની ભૂલી જઈએ છીએ. આ તો એમનાં વખાણ, આભાર કે શુભેચ્છા આપવાના પાછા પડીએ છીએ.

નવું વર્ષ હવે જુના વર્ષ પર પોતું ફોરવી ચૂક્યું છે ત્યારે જૂની વાતોનો અફસોસ કર્યા વગર નવી ગીલ્લી નવો દાવ શરુ કરવાનો અને આપણી પેરેશુટ પૅક કરતા લોકોને ગ્રીટ કરવાના, બાકી વોટ્સએપ જ્ઞાનમાંથી તો કં પર્સનલ ટચ મળે ??

ચૂંટલો :

કીડીને કોઈકે પૂછ્યું... 'તમે એકબીજાને મળીને જ કેમ આગળ વધો છો?' ખાંડનો દાણો લઈનેચાલતી કીડીએમીઠોઅનેમમળાવતો ગમે એવોજવાબ આપ્યો... 'એકબીજાને મળવાનુંચૂકી જઈએ તો જિંદગીમાં આગળ વધ્યા શું કામનું?'

## લોકાર્પણ કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. શહેરના સે-૭ માં જુદી જુદી કક્ષાના નવા મકાનો બાંધવામાં આવ્યા છે. ટાવર કોલોની અન્વયે તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આવાસોના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે સે-૫ અને સ-૬ માં પણ નવા આવાસો બાંધવા માટે ટુંકમાં સ્થળ પસંદગી કરવામાં આવશે. બીજીતરફ સે-૨૯ અને સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવા માટેનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે આ પૈકી સે-૨૯ માં બી કક્ષાના નવા મકાનો બાંધવાનુ કામ પુર્ણ થઈ ગયુ છે. આખરી તબક્કામાં ફાઈનલ ટચીંગ સિવાય કોઈ કામ બાકી રહેતુ નથી. જયારે બી કક્ષાના નવા ૨૮૦ આવાસો પણ આમ નાગરિકોના વસવાટ માટે ઉપયોગી થાય તેવા હેતુથી ટુંકમાં જ આ નવી આવાસ યોજનાનુ લોકાર્પણ કરવામાં આવશે. માર્ગ મકાન વિભાગના મંત્રી નીતિન પટેલના હસ્તે નવા આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે. જો કે આગામી ઉતરાયણ બાદ નવા આવાસોનુ લોકાર્પણ કરવામાં આવે તેવી સંભાવના છે. જયારે સે-૩૦ માં પણ નવા આવાસોનુ કામ ચાલી રહયુ છે. જો કે આ કામગીરી આગામી નવેમ્બર મહીનામાં પુર્ણ થશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## સરકારમાં માંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારને કરેલ દરખાસ્તમાં કર્યુ હોવાનું જાણવા મળેલ છે. પંચાયતનું હયાત મકાન ૩૦ વર્ષ કરતાં જુનુ પુરાણુ હોવાથી તે જર્જરિત બન્યુ છે અને તેની મરામત અને જાળવણીનો ખર્ચ પણ વધારે આવે છે તેમજ તેમાં સતત વધારો થતો હોવાથી તાત્કાલિક આ મકાન તોડી પાડવા સરકારની મંજૂરી માંગવામાં આવી છે. જિલ્લા પંચાયતે અગાઉ નવુ બિલ્ડીંગ બનાવવા માટે અલાયદો પ્લોટ માંગ્યો હતો પરંતુ તેનો સરકાર દ્વારા ઈન્કાર કરવામાં આવ્યો છે તેથી સત્તાવાળાઓએ પુનઃ એકવાર નવુ બિલ્ડીંગ બનાવવાની મંજૂરી માંગી છે. જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગ માટે મંજૂરી સાથે નાણાંકીય સહાયની પણ સરકાર પાસે માંગ કરી હોવાનું જાણવા મળેલ છે.

## સંભાવના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલિસી અને ફી નિયમન કમીટીમાં વાલીઓના પ્રતિનિધિત્વને સ્થાન આપવાની માંગણી સાથે સુપ્રીમકોર્ટમાં ગુજરાત સહિત વિવિધ વાલીમંડળો દ્વારા પિટિશન ફાઈલ કરાય તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, ફી નિયમન કાયદાને કાયદેસર અને યથાર્થ ઠરાવતાં ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી નારાજ સ્વનિર્ભર શાળાઓ દ્વારા પણ સુપ્રીમકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવનાર છે અને તેથી રાજય સરકારે પણ સ્વનિર્ભર શાળાઓ પિટિશન દાખલ કરે તે પહેલાં પોતે અગમચેતીના પગલારૂપે કેવીયેટ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. તો હવે વાલીઓ દ્વારા સુપ્રીમકોર્ટમાં પિટિશન ફાઈલ કરવાની તૈયારીઓ આરંભી છે.

## તબીબી હડતાળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે. આમ, કેન્દ્ર સરકારના હકારાત્મક પ્રતિસાદને પગલે બપોર બાદ ડોકટરોની હડતાળ લગભગ સમેટાઈ હતી.

ઈન્ડિયન મેડિકલ એસોસીએશન, ગુજરાત બ્રાંચના પ્રમુખ ભુપેન્દ્ર શાહ અને પૂર્વ પ્રમુખ યોગેન્દ્ર મોદીએ આ અંગે જણાવ્યું હતુ કે, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન સાથે જોડાયેલા રાજયના ૨૫ હજારથી વધુ ડોકટરો આજે હડતાળમાં જોડાયા હતા. જેમની સાથે રાજયની ૨૩ મેડિકલ કોલેજોના ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ પણ હડતાળમાં જોડાયા હતા અને એનએમસી બીલના વિરોધમાં બ્લેક ડે મનાવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, અમારી મુખ્ય માંગણી હતી કે, આ બીલ સંસદમાં રજૂ ના થાય તેનો સ્વીકાર કરી કેન્દ્ર સરકારે આ બીલને સ્ટેન્ડીંગ કમીટી સમક્ષ મોકલી આપ્યું છે, તેથી હવે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન, નવી દિલ્હીના પદાધિકારીઓ બીલ સંદર્ભે ડોકટરો તરફથી જરૂરી વાંધા-સૂચનો રજૂ કરી પોતાનો પક્ષ મૂકશે અને ત્યારબાદ આગળની રણનીતિ જાહેર કરવામાં આવશે. તેમણે ડોકટરોની અમારી હડતાળના કારણે દર્દીઓ અને તેના સગાવ્હાલાઓને અસર ના થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતુ અને તેથી ઈમરજન્સી સેવાઓ અને ક્રિટિકલ કેર સર્વિસીસ ચાલુ રાખવામાં આવી હતી.

## સહાય અટકાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એ જોવામાં આવશે કે ઈસ્લામાબાદે આતંકવાદ વિરુદ્ધ શું અને કેટલી કાર્યવાહી કરી છે. પાકિસ્તાની ફોરેન મિનિસ્ટ્રીએ સોમવારે રાતે અંદાજે ૯ વાગે ડેવિડ હેલીને બોલાવ્યા હતા. પાકિસ્તાનની ફોરેન સેક્રેટરી તહમીના જંજુઆએ ડેવિડે જણાવ્યું કે, પાકિસ્તાન પ્રેસિડન્ટ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા આરોપો વિશે ખુલાસો ઈચ્છે છે. નોંધનીય છે કે, આ પહેલા મે ૨૦૧૬માં પાકિસ્તાનીએ ડ્રોન હુમલા વિશે અમેરિકી એમ્બેસેડરને સમન્સ જાહેર કરીને બોલાવ્યા હતા. ત્યારે પાકિસ્તાને કહ્યું હતું કે, અમેરિકા પાકિસ્તાનની જમીન પર ડ્રોન હુમલો કરીને તેમના સાર્વભોમ્ત્વને ચેલેન્જ કરે છે. આ હુમલાને તુરંત રોકવા જોઈએ. ખાસ વાત એ છે કે, ત્યારે અમેરિકાના તે ડ્રોન હુમલામાં તાલિબાનનો મુખિયા મુલ્લા મંસૂર મરી ગયો હતો.